પ્રશ્ન-૨:

(અ) સુરતના સ્મીતે નીચે મુજબ ભૂલો વાળુ આડતમાલ ખાતું તૈયાર કર્યુ છે. તેને સુધારી સાચુ આડતમાલ ખાતું તૈયાર કરો. (૦૮)

| વિગત | | રૂ. | વિગત | | રૂ. |
|---|---|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ (ભ.કિં.) | | ૪,૮૦,૦૦૦ | લેણીહૂંડી | | ૧,૦૦,૦૦૦ |
| રોકડ ખાતે (ખર્ચા): | | | રોકડ વેચાણ | | ૩,૮૦,૦૦૦ |
| મજૂરી | ૧,૦૦૦ | | કમિશન | | ૨૫,૦૦૦ |
| વીમો | ૮૦૦ | | આડતિયા ખાતે: | | |
| નૂર | ૧,૪૦૦ | | જકાત | ૧,૦૦૦ | |
| જકાત | ૮૦૦ | ૪,૦૦૦ | વેચાણ ખર્ચ | ૮૦૦ | ૧,૮૦૦ |
| આડતિયા ખાતે (ઉધાર વેચાણ) | | ૧,૦૮,૦૦૦ | આખર સ્ટોક ઉપલક ખાતે | | |
| આડત પર મોકલેલ માલ | | | (તફાવત) | | ૯,૮૪૦ |
| (તફાવત) | | ૯૬,૦૦૦ | નફા-નુકસાન ખાતે (માલનું | | |
| વીમા કંપની ખાતે (દાવો મંજૂર) | | ૩૦,૦૦૦ | નુકસાન) | | ૧૮,૪૦૦ |
| આખર સ્ટોક (ભ.કિં.) | | ૪૯,૨૦૦ | નફા-નુકસાન ખાતે | | ૨,૩૨,૧૬૦ |
| | | ૭,૬૭,૨૦૦ | | | ૭,૬૭,૨૦૦ |

(બ) આડતમાલ અને વેચાણ વચ્ચે તફાવત લખો. (૦૭)

પ્રશ્ન-૩: જયા અને રેખા અનુક્રમે ૨ : ૧ ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેવાની શરતે સંયુકત સાહસમાં જોડાયા. (૧૫)

જયાએ રૂ. ૬૦,૦૦૦ અને રેખાએ રૂ. ૩૦,૦૦૦ ભરીને એક સંયુકત બેન્ક ખાતું ખોલાવ્યું.
તેમની વચ્ચે કરાર કરવામાં આવ્યો કે સંયુકત બેન્ક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરવો, જયારે સંયુકત સાહસને લગતો તેમનો ખર્ચ બંનેએ વ્યક્તિગત રીતે તેમના અંગત નાણાંમાંથી ચૂકવવો.
દરેક ભાગીદારે કરેલ વેચાણ ઉપર ૫% લેખે કમિશન મેળવવું. તેમના વ્યવહારો નીચે મુજબ હતા.

(૧) જયાએ રૂ. ૫૦,૦૦૦નું લસણ ખરીદ્યું અને રેખાએ રૂ. ૨૫,૦૦૦ની ડુંગળી ખરીદી.

(૨) જયાએ નીચે મુજબના ખર્ચા ચૂકવ્યા.

| | |
|---|---|
| સેલ્સમેનનો પગાર | રૂ. ૩,૦૦૦ |
| જાહેરાત | રૂ. ૨,૦૦૦ |
| વહીવટી ખર્ચ | રૂ. ૧,૦૦૦ |

(૩) રેખાએ નીચે મુજબના ખર્ચા ચૂકવ્યા.

| | | | |
|---|---|---|---|
| જકાત | રૂ. ૪૦૦ | મજૂરી | રૂ. ૬૦૦ |
| વીમો | રૂ. ૩૦૦ | ભાડું | રૂ. ૨૦૦ |

(૪) જયાએ ૪/૫ ભાગના લસણનું વેચાણ રૂ. ૬૦,૦૦૦માં કર્યું. જયારે રેખાએ ૪/૫ ભાગની ડુંગળી રૂ. ૩૦,૦૦૦માં વેચી.

(૫) જયા રૂ. ૧૦,૦૦૦નું લસણ અને રેખા રૂ. ૫,૦૦૦ની ડુંગળી પડતર કિંમતે લઈ ગયા.

ઉપરની માહિતી પરથી રાશ ખાતું, સંયુકત બેન્ક ખાતું અને ભાગીદારના ખાતા તૈયાર કરો.